GJPT010009802024

દાખલ તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
નોંધ્યા તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
ફેંસલ તારીખ : ૦૪–૦૬–૨૦૨૬
સમય ગાળો : વર્ષ : માસ : દિવસ
**૦૨ : ૦૧ : ૨૯**

**પાટણ જીલ્લાના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તેમજ પોકસો એકટ અન્વયેની કોર્ટના જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.પાટણ.**

**સ્પે.પોકસો કેસ નંબર : ૧૬ સને ૨૦૨૪.**

**આંક :– ૪૨**

**// ફોર્મ – એ //**

| | |
|---|---|
| **ગુનો :–** | ચાણસ્મા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૦૬૨૪૦૧૬૩ સને ૨૦૨૪, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ અન્વયે. |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર (મુળ ફરીયાદી :– ભોગ બનનાર ) |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી જે.જે.બારોટ. |
| **આરોપી :–** | જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉ.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણ. |
| **આરોપી તરફે** | વિદ્વાન વકીલશ્રી ડી.એન.પ્રિયદર્શી. |

**// ફોર્મ – બી //**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | તારીખ : ૨૩/૦૨/૨૦૨૪ કલાક ૯–૦૦ |
| **ગુનો જાહેર થયાની તારીખ** | તારીખ : ૨૩/૦૨/૨૦૨૪ કલાક ૧૩–૦૦ |
| **ચાર્જશીટની તારીખ** | તારીખ : ૦૫/૦૪/૨૦૨૪ |
| **તહોમતનામાની તારીખ** | તારીખ : ૦૩/૧૦/૨૦૨૪ |

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | તારીખ : ૦૭/૧૧/૨૦૨૪ |
| **ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | તારીખ : ૨૧/૦૫/૨૦૨૫ |
| **વિશેષ નિવેદન નોંધ્યા તારીખ** | તારીખ : ૧૧/૦૬/૨૦૨૫ |
| **બચાવ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | –– |
| **બચાવ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | –– |
| **પક્ષકારો તરફે દલીલો સાંભળ્યાની તારીખ** | તારીખ : ૨૧/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તારીખ : ૦૪/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | તારીખ : ૦૪/૦૬/૨૦૨૬ |

**<u>આરોપીઓની વિગત :–</u>**

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી ? | ટ્રાયલ દરમ્યાન જેલમાં ગાળેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી | ૦૩/૦૩/૨૪<br>૦૪/૦૪/૨૬ | ૨૨/૦૩/૨૪ યુ.ટી.પી. | પીનલ કોડની કલમ –૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૧૨ | કસુરવાર | આખરી હુકમ અનુસાર | ૦૨ માસ, ૧૯ દિવસ |

## // ફોર્મ – સી //

## –: <u>ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u> :–

**(એ)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | હરેશકુમાર બચુભાઇ રાવળ | શાળાના આચાર્ય | ૧૩ |
| (૨) | ભોગ બનનાર | ફરીયાદી/ભોગ બનનાર | ૨૧ |
| (૩) | ભોગ બનનારની માતા | સાહેદ | ૨૫ |
| (૪) | ભોગ બનનારની સૌથી મોટી બહેન | સાહેદ | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| (૫) | ભરતકુમાર મણીલાલ ગોરજી | પંચ સાહેદ | ૨૭ |
| (૬) | સોનલબા ફતેસિંહ ચાવડા | પોલીસ સાહેદ | ૨૯ |

**(બી)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારની જન્મ તારીખ અંગે તેણીની શાળાના જનરલ રજીસ્ટરનું રીલેવન્ટ પેઇજ | ખરી નકલ | ૧૪ |
| (૨) | ભોગ બનનારના શાળામાં પ્રવેશ વખતે ભરેલ અરજીપત્રક | ખરી નકલ | ૧૫ |
| (૩) | ભોગ બનનારના શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ | ૧૬ |
| (૪) | ભોગ બનનારના અભ્યાસ તથા જન્મ અંગેનું પ્રમાણપત્ર આપવા શાળાના આચાર્યશ્રીને ત.ક.અમલદારે કરેલ પત્ર | અસલ | ૧૭ |
| (૫) | ભોગ બનનારની જન્મ તારીખ અંગે શાળાએ ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર | અસલ | ૧૮ |
| (૬) | ફરીયાદ | અસલ | ૨૨ |
| (૭) | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ અન્વયે નિવેદન | અસલ | ૨૩ |
| (૮) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | અસલ | ૨૮ |
| (૯) | ડેપ્યુટ હુકમ | અસલ | ૩૦ |
| (૧૦) | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર આપવા અંગે ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પાટડી, જી.સુરેન્દ્રનગરને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૩૧ |
| (૧૧) | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર આપવા અંગે પાટડી નગરપાલિકા દ્વારા ત.ક.અમલદારને કરેલ પત્ર | અસલ | ૩૨ |
| (૧૨) | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | અસલ | ૩૩ |
| (૧૩) | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ અન્વયે નિવેદન નોંધવા અંગે વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રી, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ઓફિસ કોપી | ૩૪ |

(સી) બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

(ડી) બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

(ઈ) કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

(એફ) કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**// ફોર્મ – ડી //**

**–: <u>ચાર્જશીટ સાથે રજુ કરેલ મુદ્દામાલની વિગત</u> :–**

| આર્ટિકલ નંબર | પાવતી નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| –– | –– | –– |

**–:: ઠ રા વ ::–**

(૧) હાલના કેસમાં ભોગ બનનારે તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ ચાણસ્મા પોલીસ સ્ટેશનના અ.હેડ.કો./પી.એસ.ઓ.બિપીનભાઈ શંકરભાઈ રૂબરૂ ફરીયાદ આપી હતી. જે આધારે ચાણસ્મા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૦૬૨૪૦૧૬૩ સને ૨૦૨૪ થી જે તે સમયે અમલમાં રહેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦(સરળતા ખાતર "પીનલ કોડ")

ની કલમ-૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(બી), ૫૦૬(૨) તથા બાળકોને જાતિય ગુનાઓથી રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ (સરળતા ખાતર "પોકસો એકટ") ની કલમ-૧૨ અન્વયે સજાને પાત્ર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો તેમજ તેની તપાસ ચાણસ્મા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.એફ.ચાવડાને સુપ્રત કરવામાં આવતા તેઓએ સંભાળી હતી. તેઓએ ગુનાવાળી જગ્યાએ જઇ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યુ હતુ તેમજ ભોગ બનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર મેળવવા યાદી કરેલી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધા હતા તેમજ ભોગ બનનારનું જે તે સમયમાં અમલમાં રહેલ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સરળતા ખાતર " સંહિતા ") ની કલમ-૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા તજવીજ કરી હતી તેમજ આરોપી સ્વખુશી પો.સ્ટે. હાજર થતા તેનું નિવેદન લઇ આરોપીને અટક કરવા જેટલો પુરાવો પડતા અટક કરેલ તમજ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવવા શાળાના આચાર્યશ્રીને યાદી કરેલ અને આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ અત્રેની પોકસો એકટ અન્વયે રચવામાં આવેલી ખાસ અદાલત સમક્ષ કર્યુ હતુ. જે અન્વયે અત્રે સ્પે.પોકસો કેસ નંબર : ૧૬ સને ૨૦૨૪ દાખલ કરવામાં આવ્યો છે અને તે મુજબ આ કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે.

**(૨)** સદર કેસ દાખલ થતા આરોપી તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે બચાવ અર્થે અત્રે હાજર રહ્યા છે. સૌપ્રથમ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ આરોપી ઉપર જે તહોમત મુકવામાં આવ્યુ હતુ તેનું વર્ણન કરી ફરીયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીનો દોષ સાબિત કરવા માંગે છે તેનું વર્ણન કરી મૌખિક સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ અદાલત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજુ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સંબંધમાં બચાવપક્ષ તેમજ ફરીયાદ પક્ષની રજુઆતો સાંભળ્યા બાદ

આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો અદાલતને જણાઈ આવ્યા હોય, આરોપી સામે પીનલ કોડની કલમ–૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યનું તહોમતનામું આંક–૧૧ થી ઘડવામાં આવ્યુ હતુ તેમજ તે તહોમતનામાના કથનો આરોપી સમક્ષ વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા મુજબનો ગુનો કબુલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પુછી, તેમનું નિવેદન આંક–૧૨ થી નોંધવામાં આવ્યુ હતુ. જે અન્વયે આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી છે.

(૩) હાલના ચુકાદાની ચર્ચા શરૂ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, હાલનો કેસ પોકસો એકટ સને ૨૦૧૨ અન્વયે નોંધાયેલા ગુના સબબ છે. સદર પોકસો એકટની કલમ–૩૩(૭) તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **નિપુણ સકસેના વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા ૨૦૧૯(૨) એસ.એસ.સી. ૭૦૩** થી આપેલ આદેશ અનુસાર પોકસો એકટ અન્વયેના ગુનાની તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ કોઈપણ રીતે કે કોઈપણ પ્રકારે જાહેર ન થાય તે બાબતે ખાસ કાળજી લેવાની હોય, આ સમગ્ર ચુકાદામાં ભોગ બનનાર બાળાના નામનો કયાંય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને માત્ર " ભોગ બનનાર " તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૪) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામની ભોગ બનનાર આશરે એક મહિના અગાઉ સવારના સવા દસેક વાગે તેણીના ઘરેથી નીકળી નિત્યક્રમ પ્રમાણે એકલી શાળાએ જવા નીકળેલ, તે વખતે તળાવવાળી ગલીમાં તેઓના મહોલ્લામાં રહેતો આરોપી જીગરભાઈ જીતુભાઈ સોલંકી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર (વણકરવાસ), તા.ચાણસ્મા વાળો તેણીને મળેલ અને તેણીની સાથે જોઈ તેણીને બે આંગળીના ઈશારા

કરી કહેલ કે, બસો રૂપિયા આપુ તેમ કહેતા તેણી તેનાથી ગભરાઇ ગયેલ અને કંઇ બોલ્યા વગર ત્યાંથી નીકળી શાળાએ ગયેલ અને તેણી ગભરાયેલ હોઇ, તેણીએ આ વાત કોઇને કરેલ નહીં અને ત્યારબાદ અવાર નવાર તેણી જયારે સ્કુલે જવા નીકળે ત્યારે આ જીગર તેણીને રસ્તામાં કયાંકને કયાંક વચ્ચે ઉભો રહી તેણીનો પીછો કરી તેણીને ઇશારા કરતો હોય, જેથી તેણીએ જીગરને કહેલ કે, તું મને હેરાન કરવાનું છોડી દે, નહીં તો હું ઘરે કહી દઇશ. તેમ છતા, આ જીગર તેણીનો પીછો છોડતો ન હોય અને તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ સવારના આશરે નવેક વાગે ભોગ બનનાર તેણીના ઘરેથી બજારમાં શાકભાજી લેવા નીકળેલ તે વખતે આ જીગર તેઓના મહોલ્લામાં શેરીમાં ઉભેલ હોય, જે તેણીને જોઇને કહેલ કે, મારી સાથે હેડ, હું તને બસો રૂપિયા આપીશ, તેમ કહેતા તેણી ગભરાઇને પાછી તેણીના ઘરે આવી ગયેલ અને તેણીની મમ્મીને આ બનાવની વાત કરેલ અને કહેલ કે, આ જીગર છેલ્લા એકાદ મહિનાથી તેણીને આ રીતે સ્કુલે જાય ત્યારે હેરાન કરે છે. જેથી ભોગ બનનાર તથા તેણીની બહેન તથા તેણીની મમ્મી આ જીગરને ઠપકો આપવા ગયેલ તો જીગરે તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલી કહેલ કે, જે થાય તે કરી લો, તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપતા તેઓ ત્યાંથી નીકળી ભોગ બનનાર તેણીની મમ્મી તથા તેણીની બહેન સાથે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા ગયેલ અને આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ હાલની ફરીયાદ આપવામાં આવી હતી.

(૫) તહોમતનામું ફરમાવ્યા બાદ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવેલા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતર "બી.એન.એસ.એસ.") ની કલમ-૨૫૪ અન્વયે ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીની હાજરીમાં નોંધવામાં આવ્યો હતો. ફરીયાદ પક્ષ તરફે ઉપર ફોર્મ-સી(એ) તથા (બી) માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષ તરફે પૂરાવો બંધ કર્યાની પુરસીસ આંક-૩૫ થી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ સંહિતાની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યુ છે. જેમાં

આરોપીએ ફરીયાદ પક્ષના પૂરાવાઓ થકી ઉભા થયેલા તેઓની વિરૂદ્ધના સંજોગોનો ખુલાસો મહદઅંશે તેવા સંજોગોનો ઈન્કાર સ્વરૂપે કર્યો છે તેમજ આરોપીએ વિશેષમાં જણાવ્યુ છે કે, તેઓ નિર્દોષ છે તેમજ તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી તેમજ તેમની ઉપર ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરી છે.

(૬) આ કામમાં સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી જે.જે.બારોટની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓની તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનું તહોમત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં સફળ નિવડયો છે. હાલના કેસમાં બનાવમાં ભોગ બનનાર સગીર વયની બાળા હોવાની હકીકત પુરવાર કરવામાં આવી છે. વધુમાં, બનાવ અંગેની ફરીયાદ ભોગ બનનાર સગીર વયની બાળાએ આપી છે. તેણીએ મૌખિક પુરાવામાં ફરીયાદમાં જણાવેલી હકીકતને સમર્થન આપ્યુ છે. તેણીનો મૌખિક પુરાવો વિશ્વસનીય છે. વધુમાં, તેણીના મૌખિક પુરાવાને તેણીના માતા અને મોટી બહેનના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામના ભોગ બનનાર સ્કુલે જાય ત્યારે આરોપી રસ્તામાં ઉભા રહી પીછો કરી અવાર નવાર ઈશારા કરી હેરાન પરેશાન કરતો હોવાની અને તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ સવારના નવેક વાગે આ કામના ફરીયાદી/ભોગ બનનાર બજારમાં શાકભાજી લેવા સારૂ નીકળેલ તે દરમ્યાન આરોપીએ ફરીયાદી/ભોગ બનનારને મારી સાથે હેડ, તને બસો રૂપિયા આપુ, તેમ કહી તેણીની સાથે જાતિય સતામણી કરી હોવાની હકીકત પુરવાર થઇ છે. આ મુજબનું કૃત્ય કરવા પાછળ આરોપીનો ઈરાદો જાતિય સતામણી કરવાનો હતો તેવી હકીકત પણ પુરવાર થઇ છે. વધુમાં, પોકસો એકટની કલમ–૩૦ માં જણાવ્યા મુજબ આરોપીનો તેવા કૃત્ય કરવા પાછળનો ઈરાદો ગુનાહિત હતો તેવુ અનુમાન કરવાનું રહે છે. આરોપી તરફે તેવા અનુમાનનું કોઇ ખંડન કરવામાં આવ્યુ નથી. આમ, આરોપી ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય ફરીયાદ પક્ષ તરફે વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં આવ્યુ હોઇ, આરોપીને કસુરવાર ઠરાવી કાયદામાં

ફરમાવ્યા મુજબની મહત્તમ સજા કરવાની જરૂર છે.

(૭) જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.પ્રિયદર્શીની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડયા છે. હાલના કેસમાં ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત કાયદા મુજબ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડયો છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર આરોપી ભોગ બનનારને અવાર નવાર રસ્તામાં ઈશારા કરતા હતા. પરંતુ, તેવી હકીકત સબંધે ભોગ બનનારના મૌખિક પુરાવા સિવાય કોઈપણ સ્વતંત્ર સાહેદોની ત.ક.અમલદારે પુછપરછ કરી નથી કે તેઓને ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવ્યા નથી. ફરીયાદ પક્ષના કેસ અનુસાર, જે બનાવ બનેલ તે જાહેર રસ્તા ઉપર બન્યા છે, તેમ છતા કોઈપણ સ્વતંત્ર સાહેદની પુછપરછ કરવામાં આવી નથી, તે ફરીયાદ પક્ષના કેસ પરત્વે વ્યાજબી શંકા ઉભી કરે છે. ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીના માતા અને બહેન એ રસ ધરાવનાર સાહેદ છે અને હાલના કેસમાં ભોગ બનનારને રાજદિપ અને દેવાંગ નામદાર વ્યકિત સાથે મિત્રતા હતી અને ભોગ બનનારે એ હકીકત સ્વીકારી છે કે, રાજદિપ સાથે તેણીને મિત્રતા થતા દેવાંગ સાથે મિત્રતા ઓછી થયેલી. સદર રાજદિપ અને દેવાંગ વચ્ચે ભોગ બનનાર સંબંધે માથાકુટ થતા આરોપી મજકુર દેવાંગને સમજાવવા ગયેલ તે બાબતે ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીની માતૃશ્રીને આરોપી પ્રત્યે મનદુ:ખ થતા હાલની ખોટી ફરીયાદ આરોપી વિરૂદ્ધ આપવામાં આવી છે અને તેવા જ મનદુ:ખના કારણે ફરીયાદી/ભોગ બનનાર, તેના માતૃશ્રી અને મોટી બહેને અદાલત સમક્ષ આરોપી વિરૂદ્ધ ખોટી હકીકતો જણાવી છે અને તેઓને તે મુજબ સોગંદ ઉપર આરોપી વિરૂદ્ધ ખોટો પુરાવો રજુ કરવા રસ હતો. આમ, ભોગ બનનાર તથા તેણીની માતા અને મોટી બહેન રસ ધરાવનાર સાહેદ છે. વધુમાં, તેઓના મૌખિક પુરાવામાં ઘણો વિરોધાભાસ છે. તે સંજોગોમાં કોઈપણ જાતના સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાના એકમાત્ર તેઓના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને

કસુરવાર ઠરાવી શકાય નહીં. સબબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની જરૂર છે.

(૮) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા, હાલ કેસનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુના એટલે કે, સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની બાળા હોવાનું જાણતા હોવા છતા, ભોગ બનનાર સ્કુલે જાય ત્યારે આરોપીએ તેણીનો પીછો કરી અવાર નવાર ઈશારા કરી હેરાન પરેશાન કરી તેમજ ભોગ બનનાર તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ બજારમાં શાકભાજી લેવા સારૂ નીકળેલ તે દરમ્યાન આરોપીએ તેણીને પોતાની સાથે આવશે તો ૨૦૦ રૂપિયા આપશે તેમ કહી હાથના બિભત્સ ઈશારા કરેલ અને તે રીતે આરોપીએ ભોગ બનનારનો અવાર નવાર પીછો કરી, તેણીને બિભત્સ ઈશારા કરી, તેણીની આબરૂને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી તેણીની જાતિય સતામણી કરી, પીનલ કોડની કલમ-૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧) તથા પોકસો એકટની કલમ-૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યુ આચર્યુ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ભોગ બનનાર તથા તેણીની માતા આરોપીને ઠપકો આપવા જતા, આરોપીએ તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલી અને જે થાય તે કરી લેવા અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, આરોપીએ પીનલ કોડની કલમ-૨૯૪(ખ), ૫૦૬(૨) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યુ આચર્યુ છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

**(૧) હકારાત્મક.**
**(૨) અંશત: હકારાત્મક.**
**(૩) હકારાત્મક.**
**(૪) અંતિમ હુકમ અનુસાર.**

## -::: કા ર ણો :::-

**મુદ્દા નંબર – ૧ ::-**

**(૧૦)** આ કામે પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ પીનલ કોડની કલમ-૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ-૧૨ અન્વયે ગુનાહિત કૃત્યનું તહોમત મુકવામાં આવ્યુ છે. પોકસો એકટ અન્વયે કોઇપણ આરોપીને કસુરવાર ઠરાવવા માટે સૌપ્રથમ પોકસો એકટની કલમ-૨(ડી) માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતુ બાળક હોવાની હકીકત પુરવાર થઇ હોવી જરૂરી છે. આમ, મુદ્દા નંબર-૧ અનુસાર ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી વય ધરાવતી સગીર બાળા હોવાની હકીકત પુરવાર કરવાનો

સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શિર ઉપર રહ્યો છે. ફરીયાદ પક્ષ તરફે તેવા પુરાવાના બોજાનું વહન કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે પુરાવાની ચર્ચા કરતા પહેલા તે અન્વયે કરવામાં આવેલી કાયદાની જોગવાઈઓ તેમજ તે અન્વયે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા આવશ્યક છે.

**(એ) પોકસો એકટની કલમ–૩૪ :–**

"**34.** Procedure in case of commission of offence by child and determination of age by Special Court :-

**(1)** Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016).

**(2)** If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasonsfor such determination.

**(3)** No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person."

**(બી) જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ :–**

**94. Presumption and determination of age :-**

**(1)** Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or

section 36, as the case may be, without waiting for further confirmation of the age.

**(2)** In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

**(3)** The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person."

**(સી) પેરા : ૨૦ નામદાર સર્વોચ્ચ અદાલતનો એ.આઈ.આર. ૨૦૧૩ સુ.કો. ૩૪૬૭ ઉપર પ્રસિદ્ધ થયેલ જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા :–**

**20.** On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (hereinafter referred to as the 2007 Rules). The afore stated 2007 Rules have been framed under Section 68(1) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000. Rule 12 referred to here in above reads as under :

“**12.** Procedure to be followed in determination of Age.?

**(1)** In every case concerning a child or a juvenile in conflict with law, the court or the Board or as the case may be the Committee referred to in rule 19 of these rules shall determine the age of such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

**(2)** The court or the Board or as the case may be the Committee shall decide the juvenility or otherwise of the juvenile or the child or as the case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

**(3)** In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining –

(a)

(i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

**(ડી) નામદાર સર્વોચ્ચ અદાલત અબુઝર હુશેશ ઉર્ફે ગુલાબ હુશેન વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ (૨૦૧૨) ૯ એસ.સી.આર.૨૨૪** કોઇ જુવેનાઇલ છે અથવા નિયત ઉંમર કરતા ઓછી ઉંમર ધરાવે છે, તે પુરવાર કરવા અંગે સાબિતીનો બોજો જે વ્યકિત એવી હકીકત સંબંધે દાવો કરતી હોય તે વ્યકિત ઉપર રહે છે.

(ઇ) નામદાર સર્વોચ્ચ અદાલતે **પી. યુવાપ્રકાશ વિ. સ્ટેટ, ક્રિમીનલ અપીલ નંબર : ૧૮૯૮/૨૦૨૩, તા.૧૮/૦૭/૨૦૨૩** ના ચુકાદામાં પોકસો એકટની કલમ–૩૪ તેમજ જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ નો ઉલ્લેખ કરી પેરા : ૧૩ તથા ૧૪ માં નીચે મુજબ ઠરાવ્યુ છે.

**13.** It is evident from conjoint reading of the above provisions that wherever the dispute with respect to the age of a person arises in the context of her or him being a victim under the POCSO Act, the courts have to take recourse to the steps indicated in Section 94 of the JJ Act. The three documents in order of which the Juvenile Justice Act requires consideration is that the concerned court has to determine the age by considering the following documents:

(i) the Date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or amunicipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board.

**14.** Section 94 (2)(iii) of the JJ Act clearly indicates that the date of birth certificate from the school or matriculation or equivalent certificate by the concerned examination board has to be firstly preferred in the absence of which the birth certificate issued by the

> Corporation or Municipal Authority or Panchayat and it is only thereafter in the absence of these such documents the age is to be determined through “an ossification test” or“any other latest medical age determination test” conducted on the orders of the concerned authority,i.e. Committee or Board or Court.

**(૧૧)** આમ, પોકસો એકટ અન્વયે ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે સૌપ્રથમ ભોગ બનનારની જન્મ તારીખ અંગે ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કર્યો હોય તે શાળા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો રહે છે અને જો તે ઉપ્લબ્ધ ન હોય તો ગ્રામ પંચાયત કે નગરપાલિકા તરફથી ભોગ બનનારની ઉંમર અંગે ભોગ બનનારના જન્મ અંગે આપવામાં આવેલ પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો રહે છે અને જો તે બંને ઉપ્લબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં ભોગ બનનારની ઉંમર અંગે આપવામાં આવેલ તબીબી અભિપ્રાય ઉપર આધાર રાખવાનો રહે છે. હાલના કિસ્સામાં ભોગ બનનાર બનાવ વખતે ૧૮ વર્ષ કરતા ઓછી આયુ ધરાવતી સગીર બાળા હોવાની હકીકત પુરવાર કરવા અર્થે ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના જુનીયર કલાર્કને (સાહેદ નંબર–૧) આંક–૧૩ થી તપાસવામાં આવ્યા છે. તેમના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ ચાણસ્મા મુકામે શ્રીમતી કે.એમ. પટેલ ગર્લ્સ હાઇસ્કુલમાં છેલ્લા ૭ વર્ષથી જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને તેમની ફરજમાં શાળાની વહીવટી કામગીરી કરવાની હોય છે અને શાળાનું અસલ રજીસ્ટર તેમની કસ્ટડીમાં રહે છે અને કોર્ટના સમન્સ મુજબ તેઓ શાળાનું અસલ જનરલ રજીસ્ટર લઇને કોર્ટમાં હાજર રહ્યા છે. જે અસલ જનરલ રજીસ્ટર નંબર–૭ ના પાના નંબર–૫૧ ઉપર અનુક્રમ નંબર–૬૭૪૭ ઉપર ભોગ બનનારની નોંધ છે અને તે અનુસાર તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની નોંધાયેલી છે. સદર સાહેદના મૌખિક પુરાવાથી શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગ બનનારની જે નોંધ કરવામાં આવી છે તેની સંબંધિત પાનાની ખરી નકલ આંક–૧૪ પુરવાર કરવામાં આવી છે. વધુમાં, ભોગ બનનારને

શાળામાં પ્રવેશ આપતી વખતે તેમના વાલી તરફથી જે ફોર્મ ભરવામાં આવેલ તે ફોર્મની ખરી નકલ આંક–૧૫ પુરવાર કરવામાં આવી છે તેમજ ભોગ બનનારને તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો તે વખતે અગાઉની શાળાના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરવામાં આવેલ, તે આંક–૧૬ પુરવાર કરવામાં આવી છે. વધુમાં, ભોગ બનનારના અભ્યાસ તથા જન્મ અંગે પ્રમાણપત્ર મેળવવા ત.ક.અમલદારે શાળાના આચાર્યને પત્ર લખેલ તે અસલ પત્ર આંક–૧૭ પુરવાર કરવામાં આવ્યો છે. જે અનુસંધાને શાળાના આચાર્યશ્રીએ તેમની શાળાના રેકર્ડ મુજબ ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની હોવાનું આપેલ પ્રમાણપત્ર આંક–૧૮ પુરવાર કરવામાં આવ્યુ છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવી છે. પરંતુ, તે થકી ભોગ બનનારની શાળામાં થયેલ નોંધ અંગે શંકા ઉપસ્થિત કરી શકાય તેવી કોઇ હકીકત પ્રસ્થાપિત થઇ નથી. આમ, સદર સાહેદના મૌખિક પુરાવાથી આ કામની ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની હોવાની હકીકત પુરવાર કરવામાં આવી છે. વધુમાં, હાલના કેસમાં ત.ક.અમલદારે ભોગ બનનારના જન્મ અંગે રેકર્ડ ખરાઇ કરી પ્રમાણપત્ર આપવા બાબત ચીફ ઓફિસર, નગરપાલિકા, પાટડી, જી.સુરેન્દ્રનગરને પત્ર આંક–૩૧ લખેલ. તે અનુસંધાને ચીફ ઓફિસર, નગરપાલિકા, પાટડીએ ત.ક.અમલદારને આંક–૩૨ ના ફોરવર્ડીંગ લેટરથી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર આંક–૩૩ મોકલી આપેલ. જે જન્મના પ્રમાણપત્રમાં પણ ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની નોંધાયેલી છે. આમ, આંક–૩૩ નો દસ્તાવેજી સદર સાહેદ નંબર–૧ શાળાના જુનીયર કલાર્કના મૌખિક પુરાવાને સમર્થન કરે છે. આમ, ફરીયાદ પક્ષ ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની હોવાની હકીકત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં સફળ નિવડયા છે. આમ, બનાવની તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ ભોગ બનનાર ૧૭ વર્ષ, ૦૪ માસ અને ૦૨ દિવસની ઉંમર ધરાવતા હતા અને તે અનુસાર ભોગ બનનાર બનાવ વખતે સગીર વય ધરાવતા હતા તેવી હકીકત પુરવાર થઇ છે. સબબ તે અનુસાર **મુદ્દા નંબર–૧** નો જવાબ **હકારાત્મક** આપવામાં આવ્યો છે.

**મુદ્દા નંબર – ૨ તથા ૩ ::–**

**(૧૨)** ઉપરોકત બંને મુદ્દાઓ હકીકતોની દ્રષ્ટિએ એકબીજા સાથે સંલગ્ન હોઇ, હકીકતોની ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના આશયથી બંનેની ચર્ચા એકસાથે કરવામાં આવી છે.

**(૧૩)** સદર કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ પીનલ કોડની કલમ–૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યાનું તહોમતનામું મુકવામાં આવ્યુ છે. પીનલ કોડની કલમ–૩૫૪ નો ગુનો પુરવાર કરવા માટે આરોપીએ ભોગ બનનારની આબરૂ લેવાના ઈરાદાથી તેણી ઉપર હુમલો કર્યો હોવાની અથવા ગુનાહિત બળ વાપર્યુ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧) નો ગુનો પુરવાર કરવા માટે આરોપીએ શારીરિક સંપર્ક અને અનિચ્છનિય સ્પષ્ટ જાતિય માંગણી તરફ આગળ વધવામાં સંડોવણી કરી હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરવાની રહે છે. પીનલ કોડની કલમ–૩૫૪(ડી)(૧)(૧) નો ગુનો પુરવાર કરવા માટે આરોપીએ ભોગ બનનારની અનિચ્છા હોવા છતા તેણીનો વારંવાર પીછો કરી સંપર્ક કરી તેણીની સાથે વ્યકિતગત ક્રિયા પ્રતિક્રિયાઓ ઉછેરવાનો પ્રયાસ કર્યો હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. વધુમાં, હાલના કેસમાં આરોપી વિરૂદ્ધ પોકસો એકટની કલમ–૧૨ અન્વયે ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાનું પણ તહોમત મુકવામાં આવ્યુ છે. પોકસો એકટની કલમ–૧૨ માં જાતિય સતામણી અંગે સજાની જોગવાઇ કરવામાં આવી છે. જયારે જાતિય સતામણીના પ્રકાર કલમ–૧૧ માં જણાવવામાં આવ્યા છે. હાલના કેસમાં આરોપીએ ભોગ બનનારને જાતિય ઈરાદાથી બે આંગળીના ઈશારા કરી જાતિય સતામણી કરી હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે તેમજ આરોપીએ ભોગ બનનારની અનિચ્છા હોવા છતા જાતિય ઈરાદાથી તેણીનો અવાર નવાર વારંવાર પીછો કરી તેણીનો સંપર્ક કર્યો હોવાનો પણ ફરીયાદ પક્ષનો કેસ છે અને તે અનુસાર આરોપીએ પોકસો એકટની કલમ–૧૧(૧) તથા ૧૧(૪) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની

હકીકત પુરવાર કરવાની રહે છે. સદર આક્ષેપો પુરવાર કરવા માટે પુરાવાની સાબિતીનો બોજો ફરીયાદ પક્ષના શિર ઉપર છે. ઉપર મુદ્દા નંબર–૧ ની ચર્ચા કરવામાં આવી તે અનુસાર બનાવ વખતે ભોગ બનનાર સગીર વયની બાળા હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે. તે સંજોગોમાં આરોપી ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય પુરવાર કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મુલ્યાંકન કરીને કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફે કુલ–૦૬ સાહેદો તપાસવામાં આવ્યા છે અને તેઓના મૌખિક પુરાવાઓ થકી ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો પણ પુરવાર કરવામાં આવ્યા છે. જે તમામની ચર્ચા કરવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

**(૧૩/૧)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર–૧ હરેશકુમાર બચુભાઇ રાવળને આંક–૧૩ થી તપાસવામાં આવ્યા છે. ઉપર મુદ્દા નંબર–૧ ની ચર્ચા કરી તે અનુસાર સદર સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનાર બનાવ વખતે સગીર વયના હોવાની હકીકત પુરવાર થઇ છે અને સદર સાહેદના મૌખિક પુરાવાની ચર્ચા ઉપર મુદ્દા નંબર–૧ માં કરવામાં આવી હોય, હાલના મુદ્દા સંબંધે તેમના પુરાવાની ચર્ચા કરવી જરૂરી ન હોય, અત્રે તે ચર્ચા કરવામાં આવી નથી.

**(૧૩/૨)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૨ ભોગ બનનારને આંક–૨૧ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બનનાર છે તેમજ બનાવ અંગેની ફરીયાદ પણ તેણીએ જ આપી છે. તે સંજોગોમાં સદર સાહેદનો મૌખિક પુરાવો આરોપી સામેના ગુનાહિત કૃત્યનું તહોમત પુરવાર કરવા માટે ખુબ જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેણીએ ફરીયાદમાં જણાવેલી હકીકતને મૌખિક પુરાવાથી સંપુર્ણપણે સમર્થન આપી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ છે. તેણીએ સરતપાસમાં જણાવ્યુ છે કે, બનાવ સમયે તેણી ધોરણ–૧૨ માં અભ્યાસ

કરતી હતી અને તેણીની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ના રોજની છે અને તેણીનો જન્મ પાટડી ગામે થયેલો. જે તેમનું મુળ વતન છે. વધુમાં, તેણીએ જણાવ્યુ છે કે, આરોપી અને તેણી એક જ વિસ્તારમાં રહેતા હોવાથી તે આરોપીને ઓળખતી હતી અને તેણીની શાળાનો સમય ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦ નો હતો અને તેણી એકલી શાળાએ ચાલીને આવતી જતી હતી અને તેણીએ ફરીયાદ આપી તેના એક માસ અગાઉ તેણી રસ્તામાં જતી હતી ત્યારે આરોપી જીગરભાઇ જીતુભાઇ સોલંકી તેણીને રસ્તામાં મળેલ અને આરોપીએ તેણી તરફ બે આંગળીનો ખરાબ ઈશારો કરેલ અને તેણીને રૂપિયા ૨૦૦ આપીશ તેવુ કહેલ. જેથી તેણી ગભરાઇને સીધી શાળાએ જતી રહેલી અને સાંજે છુટીને ઘરે ગયેલી. તેણીએ શાળામાં તથા ઘરે ઝઘડાના ડરે જાણ કરી ન હતી. ત્યારબાદ પણ અવાર નવાર તેણી જયારે પણ શાળાએ જવા નીકળે ત્યારે રસ્તામાં તે આરોપી કયાંકને કયાંક ઉભો રહી તેણીનો પીછો કરી તેણીને હેરાન કરતો હતો. પછી તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ તેણી ઘરેથી શાકભાજી લેવા સવારે ૯-૦૦ વાગે નીકળેલ ત્યારે આરોપી જીગરભાઈ રસ્તામાં મળેલ અને તેણીનો હાથ પકડેલ અને તેણીને કહેલ કે, " મારી સાથે ચાલ " તે તેણીને રૂપિયા બસો આપશે. જેથી તે ગભરાઇને સીધી ઘરે જતી રહેલી અને રડવા લાગેલી. જેથી તેણીની માતાએ પુછતા તેણીએ આરોપી તેણીને આ રીતે દરરોજ એક મહિનાથી હેરાન કરે છે તેવી હકીકત જણાવેલી અને ત્યારબાદ તેણીની માતા, મોટી બહેન તથા તેણી પોતે આરોપીને ઠપકો આપવા માટે ગયેલા. તે વખતે આરોપીએ મનફાવે તેમ ગાળો બોલેલી અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલી. ત્યારબાદ તેઓ ત્યાંથી નીકળી ગયેલા અને પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. સદર સાહેદે ફરીયાદમાં પોતાની સહી હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવતા ફરીયાદ આંક-૨૨ થી પુરવાર કરવામાં આવી છે. વધુમાં, સાહેદે ફરીયાદ આપ્યા બાદ પોલીસને તેણીએ જગ્યા બતાવેલી અને તે જગ્યાનું પંચનામું કરવામાં આવેલુ તેવી હકીકત પણ જણાવી છે. વધુમાં, સાહેદે પોલીસ તેણીને પાટણ કોર્ટમાં નિવેદન નોંધાવવા લઈ ગયેલી અને જજ સાહેબે તેણીનું નિવેદન નોંધેલુ તેવી હકીકત પણ જણાવી છે. સાહેદે સંહિતાની કલમ-૧૬૪ નું નિવેદન જોઇ

તેના દરેક પાના ઉપર પોતાની સહી હોવાની હકીકત જણાવી ઓળખી બતાવેલ છે. જે નિવેદન આંક–૨૩ થી રજુ છે. સાહેદે આરોપીને પણ અદાલત સમક્ષ નામજોગ ઓળખી બતાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ થકી બચાવપક્ષ એવી હકીકત પ્રસ્થાપિત કરવામાં સફળ નિવડયો છે કે, ફરિયાદ પહેલા અગાઉના જે બનાવની ભોગ બનનારે વાત કરેલ છે તે અંગેની વાત ભોગ બનનારે તેણીના ઘરના સભ્યોને કે શાળાના શિક્ષકોને કરેલ ન હતી તેમજ કહેવાતો બનાવ બનેલો તે સમયે ભોગ બનનારનું કુટુબ હાલના આરોપીના કાકાના મકાનમાં ભાડેથી રહેતા હતા તેમજ ભોગ બનનારના ઘરેથી બજારમાં કે શાળામાં જવુ હોય તો હાલના આરોપીના મકાન આગળ થઇને નીકળવુ પડે છે તેમજ આરોપીના મકાન પાસે ઘણા રહેણાંકના મકાનો આવેલા છે અને મકાનો શેરીમાં સામસામે આવેલા છે તેમજ આ શેરીમાં પાકો રોડ આવેલ છે તેમજ ત્યાં ઘણા બધા માણસો રહે છે. સાહેદે ઉલટતપાસ દરમ્યાન એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તા.૨૩ ના આગળના દિવસે તેણીની માતા અને આરોપીને માથકુટ થયેલી તેમજ આરોપીના ફોઇ તથા કુટુબના માણસો તેણીના ઘરે ઠપકો આપવા આવેલા. પરંતુ, એવી હકીકત સ્વીકારી છે કે, તા.૨૩ ના આગલા દિવસે આરોપી અમદાવાદથી ઘરે આવેલ હતો અને વધુમાં સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, આરોપી બે ત્રણ દિવસ માટે અમદાવાદ ગયેલ હતો. સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, આરોપી ફરિયાદ આપ્યાના છેલ્લા એક મહિનાથી અમદાવાદ મુકામે રહેતો હતો. સાહેદે આરોપીની માતાની મરણની તીથી હતી એટલે આરોપી અમદાવાદથી ઘરે આવેલો તેવી હકીકત તેણી જાણતી ન હોવાની હકીકત જણાવી છે. સાહેદે એ હકીકતો પણ ઈન્કાર કર્યો છે કે, તે દિવસે આરોપી દેવાંગને સમજાવતો હતો કે માથાકુટમાં પડીશ નહી તેમજ આરોપી દેવાંગને સમજાવતો હતો, જેથી તેણીની માતાને એવુ લાગેલ કે, આરોપી તેઓના વિશે ખોટો વહેમ રાખે છે, જેથી તેણીની માતા ઠપકો આપવા આરોપીના ઘરે તા.૨૩ તારીખે સવારે ગયેલી. ભોગ બનનાર સાહેદે ઉલટતપાસમાં તેણી રાજદિપને ઓળખતી હોવાની તેમજ તે તેણીનો મિત્ર થતો હોવાની તેમજ તેણી દેવાંગને ઓળખતી હોવાની અને તે પહેલા તેણીનો

મિત્ર થતો હોવાની હકીકત જણાવી છે અને રાજદિપ સાથે તેણીને મિત્રતા થતા દેવાંગ સાથે મિત્રતા ઓછી થયેલી હોવાની હકીકત સ્વીકારેલ છે. પરંતુ, રાજદિપ અને દેવાંગ વચ્ચે માથાકુટ થતા આરોપી દેવાંગને સમજાવતો હતો તેવી હકીકત તેણી જાણતી ન હોવાની હકીકત જણાવી છે. સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેણીએ જે આક્ષેપ કરેલ તે જગ્યા જાહેર રસ્તો છે. સાહેદે પોલીસ ફરિયાદમાં ".......આરોપી જીગરે મારો હાથ પકડીને મારા વિશે શબ્દો ઉચ્ચારેલ........." તેવી હકીકત લખાવી ન હોવાનું સ્વીકાર્યુ છે અને સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, તેણીએ પોલીસને ફરિયાદ કરતા સમયે આ વિગતો જણાવેલ હતી. ભોગ બનનારે કહેવાતો બનાવ તેમના ઘરેથી આગળ જતા જાહેર મોટો રસ્તો છે તેની આગળ બનેલ હતો તેવી હકીકત જણાવી છે અને પંચનામુ તેણીના ઘરથી થોડી દુર મેદાન છે તેની પાસે પોલીસને કરાવેલાની હકીકત જણાવી છે તેમજ તેણીને દિશાઓમાં ખબર પડતી નથી તેવી હકીકત જણાવેલ છે. વધુમા, સાહેદે સ્વીકાર્યુ છે કે, તેણીની ફરિયાદમાં જે જગ્યા બતાવેલ છે તે જગ્યા તેણીના ઘરથી તથા આરોપીના ઘરથી આગળ આવેલ છે તેમજ તેણીએ પોલીસને જે જગ્યા બતાવેલ છે કે, માજે ચાણસ્મા ગામમાં રોયલ હોટલની સામે મહેસાણા રાધનપુર જતા રોડની દક્ષિણ દિશાએ રોડથી આશરે ૨૫ મિટર દુર દક્ષિણ દિશા તરફ ઈન્દીરાનગર વણકરવાસમાં જવાના આર.સી.સી.રોડ પર જોગમાયા મંદિર પાસે રોડ પર આવેલ હતી તેમજ તે જગ્યા પર પોલીસે પંચનામુ કરેલ તેમજ તેણીએ જે જગ્યા પોલીસને બતાવેલી જે જાહેર જગ્યા છે તેમજ ત્યાં ઘણા બધા મકાનો આવેલ છે અને સામે રોયલ હોટલ અને બીજી દુકાનો આવેલ છે તેમજ ત્યાં ઘણા માણસોની અવર જવર પણ રહે છે અને બાજુમાં પાનનો ગલ્લો આવેલ છે તેમજ તેણીએ ફરિયાદમાં જે રસ્તો બતાવેલ અને પંચનામુ પોલીસે કરેલ તે બંન્ને જગ્યા અલગ અલગ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, તેણીએ પોલીસવાળાને તેઓ જે જગ્યાએ આરોપીને ઠપકો આપવા ગયેલા તે જગ્યા બતાવેલી હતી. સાહેદે એ હકીકત સ્વીકારી છે કે, ફરિયાદવાળી જગ્યા અને પંચનામા વાળી જગ્યા વચ્ચે તેમનુ મકાન, આરોપીનુ મકાન અને બીજા ૫૦ થી વધારે મકાનો આવે છે તેમજ આરોપી તેણીના મામા સાથે બનાવના અરસામાં કામ

કરતો હતો. સાહેદે એ હકીકતો ઈન્કાર કર્યો છે કે, તળાવની પાળવાળા રસ્તામાં વાઘરી કોમના મકાનો અને તેથી આગળ પટેલોના મકાનો આવેલ છે અને જણાવ્યુ છે કે, તેણીના ઘરથી શાળાએ જતા ૧૦-૧૫ મિનિટ થાય છે. સાહેદે એ હકીકત સ્વીકારી છે કે, બનાવવાળી જગ્યાવાળો જે રસ્તો તેણી કહે છે તે એક બાજુ ચાણસ્મા બજારમાં સરદારચોકમાં નીકળે અને તેનો બીજો છેડો ચાણસ્મા-મહેસાણા હાઇવે ઉપર નીકળે છે તેમજ આ રસ્તા ઉપર રીક્ષાઓ, સ્કુટર જેવા વાહનોની અવરજવર રહેતી હોય છે. સાહેદે ઉલટતપાસમાં તેઓ ફરિયાદ કરવા ૧૦.૦૦-૧૦.૩૦ વાગે પો.સ્ટે.ગયેલા હોવાની તેમજ ફરિયાદ કરવા તેણી, તેણીની માતા અને તેણીની મોટી બહેન પો.સ્ટે.ગયેલા હોવાની હકીકત જણાવી છે. સાહેદે પોલીસે તેણીનુ નામ સરનામુ પુછેલુ તેવુ સ્વીકાર્યુ છે. પરંતુ, પોલીસમાં ફરિયાદ તેણીની માતાએ લખાવેલી અને તેણીએ ફકત તેમાં સહી કરેલી હોવાનો ઈન્કાર કર્યો છે. સાહેદે ઉલટતપાસમાં એવી હકીકતનો પણ ઈન્કાર કર્યો છે કે, તેણી સરતપાસમાં જણાવે છે તેવો કોઇ બનાવ બનેલો નથી કે તેણીને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ આગળના દિવસે આરોપી અને દેવાંગ વચ્ચે ઝઘડો હતો, તેનુ મનદુ:ખ રાખી ખોટી ફરિયાદ આપેલી.

**(૧૩/૩)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૩ ભોગ બનનારની માતાને આંક-૨૫ થી તપાસવામાં આવ્યા છે. તેણીના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેવી હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ની છે અને ભોગ બનનારે ધોરણ-૧૨ સુધી અભ્યાસ કર્યો છે અને ભોગ બનનાર તેમની ત્રીજા નંબરની દિકરી છે તેમજ બનાવ તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ બનેલો અને તે વખતે તેઓ તથા તેમની ભોગ બનનાર દિકરી તથા અન્ય દિકરી ..... ઘરે હતા અને તે દરમ્યાન તેઓએ ભોગ બનનારને શાકભાજી લેવા મોકલેલ અને ભોગ બનનાર પાછી આવેલી અને રડવા લાગેલી. જેથી તેઓએ ભોગ બનનારને પુછેલ કે, કેમ રડે છે ? જેથી ભોગ બનનારે જણાવેલ કે," આપણા મહોલ્લાનો જીગર જેણે મને બે આંગળીના ખરાબ ઈશારા કરી બસો રૂપિયા આપવાનું

કહેલ" ત્યારબાદ સાહેદ આરોપીને ઠપકો આપવા ગયેલ. ત્યારે આરોપીએ તેણીને બેફામ ગાળો બોલેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને ભોગ બનનાર દિકરીએ તેઓને કહેલ કે, આ જીગર તેણીને છેલ્લા એકાદ મહિનાથી હેરાન પરેશાન કરતો હતો. ત્યારબાદ તેઓ ચાણસ્મા પો.સ્ટે. ગયેલા અને ફરીયાદ ભોગ બનનારે લખાવેલી અને પોલીસે તેમનું નિવેદન નોંધ્યુ હતુ અને ભોગ બનનારનો જન્મ પાટડી ગામે થયેલો અને પાટડી નગરપાલિકાનો તેણીનો જન્મ નોંધાવ્યો હતો. સદર સાહેદે પણ આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ જણાવ્યુ છે કે, પોલીસ ફરીયાદના બે દીવસ બાદ તેણીનો જવાબ લેવા તેણીના ઘરે આવેલી. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, પોલીસ જવાબમાં તેમની દીકરી રડવા લાગેલાનુ જણાવેલ ન હતુ તેમજ પોલીસના જવાબમાં ખરાબ ઈશારો કરવા લાગેલ તેવી હકીકત તેમણે જણાવેલ નહી તેમજ પોલીસને તેણીએ આરોપીના ઘરે કે કયા સ્થળે ઠપકો આપવા ગયેલી તે હકીકત જણાવેલી ન હતી. સાહેદે જણાવ્યુ છે કે, તેણી દેવાંગ નામના કોઈ છોકરાને ઓળખતી નથી. પરંતુ, સાહેદે સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, દીપુ નામનો એક છોકરો તેઓની ચાલીમાં રહે છે. વધુમાં, સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, બનાવના એક અઠવાડીયા પહેલા તેણી દેવાંગ કે દીપુ નામના છોકરાના ઘરે ઠપકો આપવા ગયેલી હોય. સાહેદે એ હકીકત સ્વીકારી છે કે, તેણી આરોપીના ફોઈને ઓળખે છે તેમજ બનાવ બનેલ ત્યારે તેઓ આરોપીના કાકાના મકાનમાં રહેતા હતા તેમજ બનાવના એક મહીના અગાઉ હાલનો આરોપી તેણીના ભાઈની સાથે કામે જતો હતો. વધુમાં, સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેણી આરોપીના ફોઈના ઘરે ઠપકો આપવા ગયેલી તેમજ આરોપીને દેંવાગ સાથે માથકુટ થયેલી અને તેની ગેરસમજ તેણીને થતા આરોપી તેઓની સાથે માથાકુટ કરતો હોવાનુ લાગેલુ. સાહેદે એ હકીકત સ્વીકારી છે કે, બનાવ તેણીએ નજરે જોયેલ નથી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, ભોગ બનનારે તેણીને જે જગ્યા બતાવેલી તે જાહેર જગ્યા છે. વધુમાં, સાહેદે એ હકીકતનો સ્વીકાર કર્યો છે કે, આ  રસ્તાનો એક છેડો સરદાર ચોક તરફ અને બીજો છેડો મહેસાણા

હાઈવે તરફ નીકળે છે તેમજ તે રસ્તાની એક તરફ તળાવની નવી પાળ બનાવેલી છે અને બીજી તરફ મકાન છે તેમજ એ રસ્તા ઉપર આગળ બજાર જતા રબારીનો મહોલ્લો આવેલો છે તેમજ તેમની ભોગ બનનાર દીકરીએ બનાવની જાણ તેમને કરેલી તે અગાઉ કોઈ દીવસ તેમને ફરીયાદ કરેલ નહી. વધુમાં, સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, આ કામનો આરોપી અગાઉ તેઓના ઘરે અવર જવર કરતો હતો. સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, તેઓના ઘરેથી સરદાર ચોક બજાર તરફ જવુ હોય તો આરોપીના ઘર પાસેથી જવુ પડે તેમજ તેમના અને આરોપીના ઘર વચ્ચે આશરે દસથી પંદર મકાનો આવેલા છે તેમજ તેઓના મકાન અને સામેના મકાનના બારણા સામ સામે પડે છે અને વચ્ચે જાહેર રસ્તો આવેલ છે તેમજ આ રસ્તાનો એક છેડો મહેસાણા હાઈવે તરફ અને બીજો છેડો તળાવની પાળવાળા રસ્તાને જોડે છે. વધુમાં, સદર સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, એક અઠવાડીયા પહેલા જે મનદુ:ખ થયેલ તે કારણે આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલી તેમજ હાલના આ આરોપીએ તેમને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલી હોય તેવુ બનેલુ નથી તેમજ આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા તેણી ખોટી જુબાની આપે છે. વધુમાં, સદર સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, આરોપીને ઠપકો આપ્યા બાદ ફરીયાદ કરવા સીધા પોલીસ સ્ટેશને ગયેલા. સાહેદે જણાવેલ છે કે, તેઓ દસ સાડા દસ વાગે પોલીસ સ્ટેશને પહોચી ગયેલ અને જે બનાવ બનેલ ત્યાંથી અડધા કી.મી દુર પોલીસ સ્ટેશન આવેલ છે. સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, પોલીસ સ્ટેશન પહોંચતા પહેલા વચ્ચે એક પોલીસ ચોકી આવેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, આ ચોકી બંધ હતી. પોલીસ સ્ટેશને તેણી, ભોગ બનનાર અને તેમની બીજી દિકરી ..... ગયેલા. સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, પોલીસ સ્ટેશને ગયા પછી પોલીસના માણસો જોડે બધી વાતચીત કરેલી. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેણીએ જે હકીકત જણાવેલી તેના આધારે પોલીસે ફરીયાદ લખેલી.

**(૧૩/૪)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૪ ભોગ બનનારની સૌથી મોટી બહેનને આંક–૨૬ થી તપાસવામાં આવ્યા છે. તેણીના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેવી હકીકત પ્રસ્થાપિત થાય છે કે, તેઓ પાંચ બહેનો છે. જેમાં ત્રીજા નંબરની બહેન ભોગ બનનાર છે અને ભોગ બનનારની જન્મ તા.૨૧/૧૦/૨૦૦૬ ની છે તેમજ તેમની ભોગ બનનાર બહેન ધો.૧૨ સુધી ભણેલ છે અને હાલમાં ભોગ બનનારનો નર્સીંગ કોલેજનો અભ્યાસ ચાલુ છે તેમજ બનાવ તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ બનેલો અને બનાવના વખતે તેણી તથા તેણીની ભોગ બનનાર બહેન તથા તેણીની માતા ઘરે હતા અને તે દરમ્યાન તેણીની ભોગ બનનાર બહેન શાકભાજી લેવા ગયેલ, તે પછી તે તરત જ પાછી આવેલી અને રડવા લાગેલી. જેથી તેણીની માતાએ તેણીને પુછેલુ કે, કેમ રડે છે ? જેથી તેણીએ કહેલ કે, " આપણા મહેલ્લાનો જીગર જેણે મને બે આંગળીના ખરાબ ઈશારા કરી બસ્સો રુપીયા આપવાનુ કહેલ." ત્યારબાદ સદર સાહેદ, તેણીની માતા તથા ભોગ બનનાર બહેન ત્રણેય આરોપીને ઠપકો આપવા ગયેલ, ત્યારે આરોપીએ તેઓને બેફામ ગાળો બોલેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને તેણીની ભોગ બનનાર બહેને તેમને કહેલ કે, " આ જીગર મને છેલ્લા એકાદ મહીનાથી હેરાન પરેશન કરતો હતો તથા શાળાએ આવતા જતા પણ હેરાન કરતો હતો." ત્યારબાદ તેઓ ચાણસ્મા પોલીસ સ્ટેશને ગયેલ અને તેમની ભોગ બનનાર બહેને ફરીયાદ લખાવેલી અને તેઓને બહાર બેસાડેલા. ત્યારબાદ પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ હોવાનું જણાવેલ છે તેમજ આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, હાલના બનાવના અઠવાડીયા પહેલા દેવાંગ નામના છોકરા સાથે માથાકુટ થયેલી હોય અને ત્યારે પણ ફરીયાદ કરવા પોલીસ સ્ટેશને ગયેલા હતા. સદર સાહેદે જણાવેલ છે કે, તેણી રાજદીપ નામના કોઈ છોકરાને ઓળખતી નથી તેમજ બનાવ સમયે ઘરમાં પ્રસંગ હતો, તેથી તેણી ઘરે આવેલી હતી, તે સિવાય તેણી જ્યાં નોકરી કરે છે તે સ્થળે જ

રહે છે. સદર સાહેદે સ્વીકારેલ છે કે, મહિનામાં જ્યારે તેણીને રજા હોય ત્યારે તેણી ઘરે આવે છે તેમજ તેણીના માતા તેણીના મોસાળ ચાણસ્મામાં રહે છે તેમજ હાલના બનાવની ફરીયાદ આપ્યા પહેલા તેણીની બહેને આરોપી વિરુધ્ધ કોઈ તેણીને ફરીયાદ કરેલ હોય કે વાતચીત કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં, સદર સાહેદે જણાવેલ છે કે, પોલીસ ફરીયાદના બે દિવસ બાદ તેણીનો જવાબ લેવા તેણીના ઘરે આવેલી. સદર સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેણીએ પોલીસ જવાબમાં તેણીની ભોગ બનનાર બહેન રડવા લાગેલાનુ જણાવેલ ન હતુ તેમજ પોલીસના જવાબમાં ખરાબ ઈશારો કરવા લાગેલ તેવી હકીકત તેણીએ જણાવેલ નહી તેમજ પોલીસને તેઓ આરોપીના ઘરે કે કયા સ્થળે ઠપકો આપવા ગયેલી તે હકીકત જણાવેલી ન હતી. સાહેદે જણાવેલ છે કે, તેણી દેવાંગ કે દીપુ નામના કોઈ છોકરાને ઓળખતી નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, દીપુ નામનો એક છોકરો તેઓની ચાલીમાં રહે છે. વધુમાં, સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, બનાવના એક અઠવાડીયા પહેલા તેણી દેવાંગ કે દીપુ નામના છોકરાના ઘરે ઠપકો આપવા ગયેલી હોય. સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, તેણી આરોપીના ફોઈને ઓળખે છે તેમજ બનાવ બનેલ ત્યારે તેઓ આરોપીના કાકાના મકાનમાં રહેતા હતા તેમજ બનાવના એક મહીના અગાઉ હાલનો આરોપી તેણીના મામાની સાથે કામે જતો હતો. વધુમાં, સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેણી તેણીની માતા સાથે આરોપીના ફોઈના ઘરે ઠપકો આપવા ગયેલી તેમજ આરોપીને દેંવાગ સાથે માથકુટ થયેલી અને તેની ગેરસમજ તેમને થતા આરોપી તેઓની સાથે માથાકુટ કરતો હોવાનુ લાગેલુ. વધુમાં, સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, બનાવ તેણીએ નજરે જોયેલ નથી. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, ભોગ બનનારે તેણીને જે જગ્યા બતાવેલી તે જાહેર જગ્યા છે. જયારે સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, આ રસ્તાનો એક છેડો સરદાર ચોક તરફ અને બીજો છેડો મહેસાણા હાઈવે તરફ નીકળે છે તેમજ તે રસ્તાની એક તરફ તળાવની નવી પાળ બનાવેલી છે અને બીજી તરફ મકાન છે તેમજ એ રસ્તા ઉપર આગળ બજાર જતા રબારીનો મહોલ્લો આવેલો છે તેમજ તેણીની ભોગ બનનાર બહેને બનાવની જાણ તેમને

કરેલી તે અગાઉ કોઈ દીવસ તેણીને ફરીયાદ કરેલ નહી. વધુમાં, સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, આ કામનો આરોપી અગાઉ તેઓના ઘરે અવર જવર કરતો હતો. સાહેદે સ્વીકારેલ છે કે, તેઓના ઘરેથી સરદાર ચોક બજાર તરફ જવુ હોય તો આરોપીના ઘર પાસેથી જવુ પડે. સાહેદે જણાવેલ છે કે, તેમના અને આરોપીના ઘર વચ્ચે આશરે દસથી પંદર મકાનો આવેલા છે. વધુમાં, સાહેદે સ્વીકારેલ છે કે, તેઓના મકાન અને સામેના મકાનના બારણા સામ સામે પડે છે અને વચ્ચે જાહેર રસ્તો આવેલ છે તેમજ આ રસ્તાનો એક છેડો મહેસાણા હાઈવે તરફ અને બીજો છેડો તળાવની પાળવાળા રસ્તાને જોડે છે. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, એક અઠવાડીયા પહેલા જે મનદુ:ખ થયેલ તે કારણે આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલી તેમજ હાલના આ આરોપીએ તેમને ગાળો બોલી મારી નાંખવાની ધમકી આપેલી હોય તેવુ બનેલુ નથી તેમજ આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા તેણી ખોટી જુબાની આપે છે. વધુમાં, સદર સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, આરોપીને ઠપકો આપ્યા બાદ ફરીયાદ કરવા સીધા પોલીસ સ્ટેશને ગયેલા. સાહેદે જણાવેલ છે કે, તેઓ દસ સાડા દસ વાગે પોલીસ સ્ટેશને પહોંચી ગયેલ. જે બનાવ બનેલ ત્યાંથી અડધા કી.મી દુર પોલીસ સ્ટેશન આવેલ છે. વધુમાં, સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, પોલીસ સ્ટેશન પહોંચતા પહેલા વચ્ચે એક પોલીસ ચોકી આવેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યુ છે કે, આ ચોકી બંધ હતી. પોલીસ સ્ટેશને તેણી, ભોગ બનનાર અને તેણીની માતા ગયેલા તેવી હકીકત જણાવેલ છે તેમજ સાહેદે એવી હકીકત સ્વીકરેલ છે કે, પોલીસ સ્ટેશને ગયા પછી પોલીસના માણસો જોડે બધી વાતચીત કરેલી. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેઓએ જે હકીકત જણાવેલી તેના આધારે પોલીસે ફરીયાદ લખેલી.

(૧૩/૫) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–પ ભરતકુમાર મણીલાલ ગોરજીને આંક–૨૭ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પંચ સાહેદ છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર સદર પંચ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનું વિગતવારનું પંચનામું કરેલુ છે. સદર સાહેદે

પોલીસે તેમને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ માત્ર સહી કરેલી અને તે સિવાય તેઓ કંઇ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે અને આંક-૨૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામામાં પંચ તરીકે માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપ્યુ નથી.

**(૧૩/૬)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૬ સોનલબા ફતેસિંહ ચાવડાને આંક-૨૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને આ ગુનાની તપાસ કરી છે. તેમના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના ગુનાની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લઇ, તેઓએ ગુનાવાળી જગ્યાએ જઇ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યુ હતુ તેમજ ભોગ બનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર મેળવવા યાદી કરેલી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધા હતા તેમજ ભોગ બનનારનું સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા તજવીજ કરી હતી તેમજ આરોપી સ્વખુશી પો.સ્ટે. હાજર થતા તેનું નિવેદન લઇ આરોપીને અટક કરવા જેટલો પુરાવો પડતા અટક કરેલ તમજ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવવા શાળાના આચાર્યશ્રીને યાદી કરેલ તેમજ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ કરેલુ હોવાનું તેમજ આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે. સદર સાહેદના મૌખિક પુરાવાથી ડેપ્યુટ હુકમ આંક-૩૦ તેમજ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર આપવા અંગે ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પાટડી, જી.સુરેન્દ્રનગરને કરેલ પત્ર આંક-૩૧ તથા ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર આપવા અંગે પાટડી નગરપાલિકા દ્વારા કરેલ પત્ર આંક-૩૨ તેમજ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર આંક-૩૩ તથા ભોગ બનનારનું સંહિતાની કલમ-૧૬૪ અન્વયે નિવેદન નોંધવા અંગે વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રી, પાટણને કરેલ રીપોર્ટ આંક-૩૪ પુરવાર કરવામાં આવ્યા છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, હાલના ગુનાની ફરિયાદ તા.૨૩/૦૨/૨૦૨૪ ના કલાક ૧૩.૦૦ વાગે જાહેર થયેલી તેમજ તેઓના

પો.સ્ટે.માં સ્ટે.ડાયરી અને કેસ ડાયરી મેઈન્ટેઈન થાય છે. સદર સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, ફરિયાદની તમામ હકીકત કેસ ડાયરીમાં નોંધેલી. વધુમાં, સદર સાહેદે જણાવેલ છે કે, આ કામની ફરિયાદ પી.એસ.ઓ. રૂબરૂ જાહેર થયેલી છે તેમજ તપાસના કામે ગુનાવાળી જગ્યાએ તે જ દિવસે સાંજે તેણી ગયેલી. ફરિયાદ દાખલ કરતી વખતે ભોગ બનનાર સાથે તેમના કુટુંબીજનો હાજર હતા કે કેમ તે વાતની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે. વધુમાં, સદર સાહેદે જણાવેલ છે કે, તપાસના કામે ગુનાવાળી જગ્યાની આજુબાજુ રહેતા સાહેદોના નિવેદનો લીધેલા. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તપાસના કામે ફરિયાદીના કુટુંબીજનો સિવાય તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી. સાહેદે એવી હકીકત સ્વીકારી છે કે, તપાસના કામે ગુનાવાળી જગ્યા ફરિયાદીએ પંચોની હાજરીમાં બતાવેલી તેમજ ગુનાવાળી જગ્યા ચાણસ્મા-મહેસાણા હાઈવે પર રોયલ હોટલની સામે આવેલ હતી તેમજ ગુનાવાળી જગ્યાએથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નથી તેમજ ગુનાવાળી જગ્યાની પાછળની બાજુએ રહેણાંકના મકાનો આવેલા છે તેમજ તપાસના કામે આરોપીની અટકનુ પંચનામુ કરેલ નથી તેમજ આરોપીની તપાસના કામે પુછપરછ કરેલી તેમજ ગુનાવાળી જગ્યાએ આરોપીને સાથે રાખીને પંચનામુ તપાસના કામે કરેલ નથી. વધુમાં, સદર સાહેદે એવી હકીકતનો ઈન્કાર કર્યો છે કે, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ તેમજ તપાસના કામે ભોગ બનનારની જન્મ તારીખ અંગે તેમણે ખરાઇ કરાવેલ નથી તેમજ તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૪) ઉપર જણાવ્યુ તે અનુસાર હાલના કેસમાં ભોગ બનનાર બનાવ વખતે ૧૮ વર્ષ કરતા ઓછી વય ધરાવતી સગીર વયની બાળા હોવાની હકીકત પુરવાર થઇ છે. આરોપી સામે આક્ષેપિત ગુનાહિત કૃત્યનું તહોમત પુરવાર કરવા માટે ભોગ બનનાર કે જેણે બનાવ અંગેની ફરીયાદ આપી છે, તેણીનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. હાલના કેસમાં ભોગ બનનારે તેણીના મૌખિક પુરાવા આંક-૨૧ માં ફરીયાદ પક્ષના

કેસને તેમજ ફરીયાદમાં જણાવેલી હકીકતને સોગંદ ઉપર સમર્થન આપ્યુ છે અને આ કામના આરોપીએ ફરીયાદ આપી તેના એક માસ અગાઉ તેણી જતી હતી તે વખતે આરોપીએ બે આંગળીનો ખરાબ ઈશારો કરી રૂપિયા બસ્સો આપીશ તેવુ જણાવેલ હોવાની હકીકત જણાવી છે એટલુ જ નહીં પરંતુ, તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ તેણી ઘરેથી શાકભાજી લેવા સવારે ૯-૦૦ વાગે નીકળેલ ત્યારે આરોપી જીગરભાઈ રસ્તામાં મળી તેણીનો હાથ પકડી તેણીને " મારી સાથે ચાલ, તને રૂપિયા બસો આપીશ " તેવુ જણાવેલ હોવાની હકીકત પણ જણાવી છે અને ત્યારબાદ તેણી ગભરાઈને ઘરે જઈ રડવા લાગી હોવાની અને તેણીની માતાએ શું થયુ છે તેવુ પુછતા તેણીએ બનાવ અંગેની જાણ તેણીની માતાને કરી હોવાની અને ત્યારબાદ ભોગ બનનાર પોતે તથા તેણીની માતા અને મોટી બહેન આરોપીને ઠપકો આપવા ગયા તે વખતે આરોપીએ મનફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાથી, તેઓ ત્યાંથી નીકળી ગયા હતા અને ત્યારબાદ પોલીસ સ્ટેશન ફરીયાદ આપવા ગયા હોવાની વાત જણાવી છે. ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનીય છે તેમજ તેણીના મૌખિક પુરાવામાં બચાવપક્ષ તરફે જે વિરોધાભાસ પુરવાર કરવામાં આવ્યો છે તે વિરોધાભાસ સામાન્ય વિરોધાભાસ છે અને તેવો વિરોધાભાસ કેસના મૂળને અસર કરતો નથી કે તેવા વિરોધાભાસથી ફરીયાદ પક્ષનો કેસ અસ્તિત્વમાં જ ન હતો, તેવુ પ્રસ્થાપિત થતુ નથી. વધુમાં, હાલના કેસમાં બચાવ પક્ષ તરફે એવો બચાવ લેવામાં આવ્યો છે કે, ફરીયાદ ભોગ બનનારના મિત્ર રાજદિપ અને દેવાંગ વચ્ચે માથાકુટ થતા આરોપી દેવાંગને સમજાવવા ગયા તે કારણે મનદુ:ખ થવાથી આપવામાં આવી હતી તેવો બચાવ માત્ર બુદ્ધિગમ્ય ખુલાસો જણાય છે અને તેવો બચાવ અસ્તિત્વમાં હોવાનું પુરવાર કરવામાં આવ્યુ નથી. વધુમાં, હાલના કેસમાં આરોપી બનાવ સમયે ફરીયાદી/ભોગ બનનાર જે શેરીમાં રહેતા હતા તે શેરીમાં જ રહેતા હોવાથી આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર નથી અને ફરીયાદ/ભોગ બનનારે આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવ્યા છે. વધુમાં, ભોગ બનનારના મૌખિક પુરાવામાં પોલીસ સમક્ષ આપેલા નિવેદનથી તેમજ સંહિતાની કલમ-૧૬૪ અન્વયે આપેલા

નિવેદનથી કોઇ વિરોધાભાસી હકીકતો જણાવી નથી. વધુમાં, બચાવપક્ષ તરફે જે એવો બચાવ લેવામાં આવ્યો છે કે, બનાવ જાહેર રસ્તા ઉપર બન્યો હોવા છતા ત.ક.અમલદારે કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધ્યા નથી કે ફરીયાદ પક્ષ તરફે તેઓને આ ગુનાના કામે તપાસવામાં આવ્યા નથી, તેવો બચાવ અને દલીલ પણ તર્કવિહીન છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર જો ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનીય જણાઇ આવે તો અન્ય કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવાના સમર્થન વિના એકમાત્ર તેણીના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને કસુરવાર ઠરાવી શકાય. વધુમાં, હાલના કેસમાં ભોગ બનનારે છેલ્લો બનાવ બન્યો તેના એક માસ દરમ્યાન આરોપીના ગુનાહિત કૃત્યના વર્તનની જાણ તેણીના માતા કે બહેનને કરી ન હોવા માત્રથી ફરીયાદી/ભોગ બનનારના મૌખિક પુરાવા ઉપર શંકા ઉપસ્થિત કરી શકાય તેમ નથી. કારણ કે, હાલના કેસમાં ભોગ બનનાર બનાવ વખતે સગીર વય ધરાવતા હતા અને તે સંજોગોમાં તેણી ડરથી મૌન રહે તે બાબત સ્વાભાવિક છે. વધુમાં, તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ બનાવ બન્યો તેના તુરંત બાદ ભોગ બનનારે તેણીના માતાને જાણ કરતા તુરંત જ ફરીયાદ આપવામાં આવી છે. આમ, ભોગ બનનારના મૌખિક પુરાવાથી આ કામના આરોપીએ તેણીનો પીછો કરી અવાર નવાર ઈશારા કરી હેરાન પરેશાન કરી તેમજ ભોગ બનનાર તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ બજારમાં શાકભાજી લેવા સારૂ નીકળેલ તે દરમ્યાન આરોપીએ તેણીને પોતાની સાથે આવશે તો ૨૦૦ રૂપિયા આપશે તેમ કહી હાથના બિભત્સ ઈશારા કરેલ અને તે રીતે આરોપીએ ભોગ બનનારનો અવાર નવાર પીછો કરી, તેણીને બિભત્સ ઈશારા કરી, તેણીની આબરૂને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી તેણીની જાતિય સતામણી કરી, પીનલ કોડની કલમ-૩૫૪, ૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧) તથા પોકસો એકટની કલમ-૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યુ આચર્યુ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે. વધુમાં, ભોગ બનનારના મૌખિક પુરાવાને તેણીના માતૃશ્રી (સાહેદ નંબર-૩) આંક-૨૫ તેમજ તેણીના મોટી બહેન (સાહેદ નંબર-૪) આંક-૨૬ થી સમર્થન પ્રાપ્ત થાય છે. કારણ કે, સદર બંને સાહેદોએ

બનાવના દિવસે ભોગ બનનાર ઘરે પાછી આવી રડવા લાગેલ તે વખતે તેણીને પુછતા ભોગ બનનારે આરોપી તેણીને બે આંગળીના ખરાબ ઈશારા કરી ૨૦૦ રૂપિયા આપવાનું જણાવેલ હોવાની હકીકત જણાવી છે અને આરોપી તેણીને છેલ્લા એકાદ મહિનાથી હેરાન પરેશાન કરતો હોવાની તેમજ શાળાએ આવતા જતા પણ હેરાન કરતો હોવાની હકીકત જણાવી છે. એટલુ જ નહીં પરંતુ, ભોગ બનનાર તથા તેણીના માતા અને બહેન આરોપીને ઠપકો આપવા ગયેલ ત્યારે આરોપીએ તેમને બેફામ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની હકીકતને પણ બંને સાહેદોએ સમર્થન આપ્યુ છે. આમ, હાલના કેસમાં ભોગ બનનાર/ફરીયાદી તથા તેણીના માતૃશ્રી તથા મોટી બહેનનો પુરાવો વિશ્વસનીય જણાઇ આવ્યો છે અને તેઓને હાલના આરોપી વિરૂદ્ધ ખોટી ફરીયાદ દાખલ કરવા માટે કે આરોપીને પોકસો એકટ અન્વયે સજાને પાત્ર ગંભીર ગુનામાં ફસાવી દેવા કોઈ કારણ હોવાનું પ્રસ્થાપિત કરવામાં આવ્યુ નથી. હાલના કેસમાં આરોપીએ જાહેર સ્થળ ઉપર ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીના માતૃશ્રી અને મોટી બહેનને ગાળો બોલી અશ્લિલ શબ્દ બોલેલ હોવાની હકીકત પુરવાર થઈ છે. વધુમાં, આરોપીએ ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીના માતૃશ્રી અને મોટી બહેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની હકીકત પણ પુરવાર થઈ છે. વધુમાં, પીનલ કોડની કલમ–૩૫૪ નો ગુનો પુરવાર કરવા માટે આરોપીએ ભોગ બનનારની આબરૂ લેવાના ઈરાદાથી તેણી ઉપર હુમલો કર્યો હોવાની અથવા ગુનાહિત બળ વાપર્યુ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. પરંતુ, હાલના કેસમાં આરોપીએ કોઈ ગુનાહિત બળનો ઉપયોગ કર્યો હોય તેવી કોઈ હકીકત પુરવાર થઈ નથી. તે સંજોગોમાં આરોપીએ પીનલ કોડની કલમ–૩૫૪ મુજબનો ગુનો કર્યો હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડયો છે. વધુમાં, હાલના કેસમાં આરોપીએ ભોગ બનનારને જાતિય ઈરાદાથી બે આંગળી વડે ખરાબ ઈશારા કરેલ હોવાની હકીકત પુરવાર થઈ હોઈ, આરોપીએ પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે. વધુમાં, આરોપીએ ભોગ બનનારની અનિચ્છા હોવા છતા

તેણીનો વારંવાર પીછો કરી સંપર્ક કરી તેણીની સાથે વ્યકિતગત ક્રિયા પ્રતિક્રિયાઓ ઉછેરવાનો પ્રયાસ કર્યો હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો હોઇ, આરોપીએ પીનલ કોડની કલમ–૩૫૪(ડી)(૧)(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકત પણ પુરવાર થઇ છે. વધુમાં, હાલના કેસમાં આરોપીએ જાતિય ઈરાદાથી ભોગ બનનારનો અવાર નવાર પીછો કરી બે આંગળીના બિભત્સ ઈશારા કરેલ હોવાની હકીકત પુરવાર થઇ હોય, આરોપીએ પોકસો એકટની કલમ–૧૧(૧) તથા ૧૧(૪) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં પણ ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે. ઉપર જણાવ્યુ તે અનુસાર હાલના કેસમાં ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનીય જણાઇ આવ્યો છે અને તેણીના મૌખિક પુરાવાને તેણીના માતા તથા મોટી બહેનના મૌખિક પુરાવાથી પુરતુ સમર્થન પ્રાપ્ત થયુ છે. તે સંજોગોમાં ત.ક.અમલદારે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધ્યા ન હોવા માત્રનો લાભ આરોપીને આપી શકાય તેમ નથી. હાલના કેસમાં ભોગ બનનારે જે મૌખિક પુરાવો રજુ કર્યો છે તે ખોટો હોવાનો કે તેણીના મૌખિક પુરાવાની વિશ્વસનીયતા ઉપર શંકા કરી શકાય તેવી કોઇપણ હકીકત કે સંજોગો બચાવ પક્ષ દ્વારા રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં આવ્યા નથી. તે સંજોગોમાં સદર ભોગ બનનારનો અદાલત સમક્ષ આપવામાં આવેલો મૌખિક પુરાવો ન માનવાને કોઇ કારણ રહેતુ નથી. સદર ભોગ બનનારની બચાવપક્ષ તરફે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવી છે. તે દરમ્યાન પણ ભોગ બનનાર મકકમપણે ફરીયાદ પક્ષના કેસને વળગી રહ્યા છે અને ફરીયાદ પક્ષની વિરૂદ્ધમાં કે આરોપી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા બચાવની તરફેણમાં માની શકાય તેવી કોઇપણ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી નથી. ભોગ બનનારે મૌખિક પુરાવામાં જણાવેલી હકીકતો અને વિદ્વાન મેજીસ્ટ્રેટ રૂબરૂ સંહિતાની કલમ–૧૬૪ અન્વયે આપેલા નિવેદનમાં જે હકીકતો જણાવી છે તેમાં કોઇ વિરોધાભાસ નથી. વધુમાં, પોકસો એકટની કલમ–૧૧(૧) તથા ૧૧(૪) અન્વયે ગુનાહિત કૃત્યનું તહોમત પુરવાર કરવા માટે આરોપીનો માનસિક ઈરાદો

ગુનાહિત હોવાનું પુરવાર કરવુ જરૂરી છે. પોકસો એકટની કલમ–૩૦ માં તે અંગે અનુમાનની જોગવાઇ કરવામાં આવી છે.

**Sec.30 : Presumption of culpable mental state :-**

(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charges as an offence in that prosecution.

(2) For the purpose of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond resonable doubt and not merely when it existence is established by a preponderance of probability.

**(૧૫)** વધુમાં, હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ ભોગ બનનાર તથા તેણીના માતૃશ્રી તેમજ મોટી બહેનના મૌખિક પુરાવાથી આ કામના આરોપીએ ભોગ બનનારને પોતાની સાથે આવશે તો ૨૦૦ રૂપિયા આપશે તેમ કહી હાથના બિભત્સ ઈશારા કરેલ અને તે રીતે આરોપીએ ભોગ બનનારનો અવાર નવાર પીછો કરી, તેણીને બિભત્સ ઈશારા કરી, તેણીની આબરૂને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી તેણીની જાતિય સતામણી કરી, પોકસો એકટની કલમ–૧૧(૧) તથા ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકત પુરવાર થઈ છે. વધુમાં, હાલના કેસમાં આરોપી તરફે તેવી જાતિય સતામણી પાછળ તેમનો કોઈ ગુનાહિત ઈરાદો ન હોવાનો કોઈ બચાવ પ્રસ્થાપિત કરવામાં આવ્યો નથી. તે સંજોગોમાં પોકસો એકટની કલમ–૩૦ માં કરવામાં આવેલ અનુમાનની જોગવાઈ અનુસાર આરોપીએ ભોગ બનનારની જાતિય સતામણીનું જે કૃત્ય કરેલ તે પાછળ આરોપીનું ગુનાહિત માનસ હોવાની હકીકત પુરવાર થઈ છે તેમ અત્રેની અદાતલ નમ્રપણ ઠરાવે છે.

(૧૬) આમ, ઉપરોકત ચર્ચાને અંતે આ કામના આરોપીએ પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧) તથા ૩૫૪(ડી)(૧)(૧) તેમજ પોકસો એકટની કલમ–૧૧(૧), ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે. સબબ તે અનુસાર મુદ્દા નંબર–૨ નો જવાબ અંશત: હકારાત્મકમાં તેમજ મુદ્દા નંબર–૩ નો જવાબ હકારાત્મક આપવામાં આવ્યો છે. પોકસો એકટની કલમ–૪૨ માં વૈકલ્પિક સજાની જોગવાઇ કરવામા આવી છે. જે નીચે મુજબ છે.

**Sec.42 : Alternative punishment :-**

Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 354D, 370, 370A, 375, 376, 376A, 376AB, 376B, 376C, 376D, 376DA, 376DB, 376E, 509 of the Indian Penal Code or section 67B of the Information Technology Act, 2000 then, notwithstandin anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable for punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greather in degree.

(૧૭) સબબ સદર જોગવાઇ ધ્યાને લેતા, હાલના કેસમાં આરોપી તેના કૃત્ય દ્ધારા પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુના માટે કસુરવાર ઠર્યા હોય, તે બંને પૈકી જેમાં મહત્તમ સજાની જોગવાઇ હોય તે કાયદા અન્વયે સજા ફરમાવવાની રહે છે. આમ, આ કામે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકીને પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૧૧(૧), ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય અંગે કસુરવાર ઠરાવવામાં આવ્યા હોય, બી.એન.એસ.એસ.

ની કલમ–૨૫૮(૨) અન્વયે સજાના મુદ્દે આરોપીને સાંભળવા જરૂરી હોય તે સાંભળવાનું ઠરાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૪ થી**, માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૬/૨૦૨૬
પાટણ.

**(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)**
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.
(જજ કોડ નં. જીજે ૦૦૫૯૭)

(૧૮) ફોજદારી કેસમાં દોષિત આરોપીને કેટલી માત્રામાં સજા આપવી તે દરેક કેસની હકીકત અને પરિસ્થિતીઓને આધિન હોય છે. પરંતુ, કેટલાક ગુનાઓમાં કાયદા થકી ન્યુનત્તમ સજાની જોગવાઇ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં તેનાથી હળવી સજા કરવાની વિવેકાધિન સત્તા અદાલત પાસે હોતી નથી. હાલના કેસમાં આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકીને પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧), ૩૫૪(ડી)(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૧(૧), ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુના અંગે કસુરવાર ઠરાવ્યા હોય, સજાના મુદ્દે આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.પ્રિયદર્શી તેમજ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી જે.જે.બારોટને સાંભળ્યા. આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરી છે કે, આરોપી યુવાન વય ધરાવે છે તથા ઘરના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેમની કમાણી ઉપર તેમના વૃદ્ધ પિતાના ભરણપોષણનો આધાર છે. આરોપીનું ગુનાહિત કૃત્ય કરવાની કોઇ પુર્વ આયોજન કે તૈયારી ન હતી. તે સંજોગોમાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૧ સાથે વાંચતા પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૪, ૫ નો લાભ આપી આરોપીને સજાનો અમલ કરવા જેલમાં મોકલવાની જગ્યાએ સારી ચાલ ચલગતના જામીન લઈ મુકત કરવા જોઇએ. જયારે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરી છે કે, આ કામે આરોપીએ ગુનો આચરવાના આશયથી ગુનાહિત જાતિય બદઈરાદો ધારણ કરી ફરીયાદી/ભોગ બનનાર કે જે ૧૮ વર્ષ કરતા ઓછી વય ધરાવતી સગીર વયની બાળા હતી, તેનો અવાર નવાર પીછો કરી તેણીને બે આંગળીઓથી બિભત્સ ઇશારા કરી મારી સાથે ચાલ, તને બસો રૂપિયા આપીશ તેવુ જણાવી જાતિય સતામણી કરી છે અને ફરીયાદી/ભોગ બનનાર તેમજ તેણીના માતૃશ્રી અને મોટી બહેન તે અંગે આરોપીને કહેવા જતા, આરોપીએ તેઓને નાલાયક બિભત્સ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. સબબ આરોપી તરફ રહેમદ્રષ્ટિ રાખવી જોઇએ નહીં અને સાબિત થયેલા તહોમત સબબ મહત્તમ સજા કરવી જોઇએ.

(૧૯) હાલના કેસમાં આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ

સોલંકીને ઉપર જણાવ્યા અનુસાર ગુનાહિત કૃત્યના તહોમત માટે કસુરવાર ઠરાવ્યા હોય, સજા શું કરવી ? તે પ્રશ્ન વિચારણામાં લેવાનો રહે છે. જે અંગે બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ ઉપરોકત રજુઆત ધ્યાને લીધી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે સજાના મુદ્દે ચુકાદાઓ દ્વારા માર્ગદર્શન આપ્યુ છે. જે ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી છે.

(૧) એ.આઇ.આર.૧૯૭૩ સુ.કો. પાના નં.૨૨૦૦ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામનારાયણ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ" ના ચુકાદાથી નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ માર્ગદર્શન આપ્યુ છે :–

( 5 ) THE next question is one of sentence which is always a matter of some difficulty. It generally poses a complex problem which requires a working compromise between the competing views based on reformative, deterrent and retributive theories of punishments. Though a large number of factors fall for consideration in determining the appropriate sentence, the broad object of punishment of an accused found guilty in progressive civilized societies is to impress on the guilty party that commission of crime does not pay and that it is both against his individual interest and also against the larger interest of the society to which he belongs. The sentence to be appropriate should, therefore, be neither too harsh nor too lenient.

(૨) એ.આઇ.આર.૧૯૭૬ સુ.કો. પાના નં.૩૯૨ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામઆશ્રય ચક્રવતી વિરૂદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ" ના ચુકાદાથી નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ માર્ગદર્શન આપ્યુ છે :–

( 6 ) IN judging the adequacy of a sentence the nature of the offence, the circumstances, of its commission, the age and character of the offender, injury to individuals or to society, effect of the punishment on the offender, eye to correction and reformation of the offender, are some amongst many other factors which would be ordinarily taken into consideration by courts.

(૩) આ અદાલતે એ.આઈ.આર.૧૯૮૮ સુ.કો. પાના નં.૨૧૨૭ ઉપર પ્રસિદ્ધ થયેલ કેસ " હરકિશન અને સ્ટેટ ઓફ હરિયાણા વિરૂદ્ધ સુખબીરસિંહ અને બીજાઓ " ના કેસમાં વળતર માટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત લક્ષ્યમાં લીધેલ છે.

(10) SUB-SECTION (1) of Section 357 provides power to award compensation to victims of the offence out of the sentence of fine imposed on accused. In this case, we are not concerned with sub-section (1 ). We are concerned only with sub-section (3). It is an important provision but Courts have seldom invoked it. Perhaps due to ignorance of the object of it. It empowers the Court to award compensation to victims while passing judgment of conviction. In addition to conviction, the Court may order the accused to pay some amount by way of compensation to victim who has suffered by the action of accused. It may be noted that this power of Courts to award compensation is not ancillary to other sentences but it is in addition thereto. This power was intended to do something to reassure the victim that he or she is not forgotten in the criminal justice system.It is a measure of responding appropriately to crime

as well of reconciling the victim with the offender. It is, to some extent, a constructive approach to crimes. It is indeed a step forward in our criminal justice system. We,therefore, recommend to all Courts to exercise this power liberally so as to meet the ends of justice in a better way.

(11) THE payment by way of compensation must, however, be reasonable. What is reasonable, may depend upon the facts and circumstances of each case. The quantum of compensation may be determined by taking into account the nature of crime, the justness of claim by the victim and the ability of accused to pay. If there are more than one accused they may be asked to pay in equal terms unless their capacity to pay varies considerably. The payment may also vary depending upon the acts of each accused. Reasonable period for payment of compensation, if necessary by installments, may also be given. The Court may enforce the order by imposing sentence in default.

(૪) નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ પંજાબ વિરૂદ્ધ બાવાસીંગ (૨૦૧૫)૩ એસ.સી.સી.પાન નં.૪૪૧** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં નીચે મુજબ ઠરાવ્યુ છે :–

> It is duty of every court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or committed.
>
> The sentencing courts are expected to consider all relevant facts and circumstances bearing on the question of sentence and proceed to impose a

sentence commensurate with the gravity of the offence.

The court must not only keep in view the rights of the victim of the crime but also the society at large while considering the imposition of appropriate punishment.

(૨૦) આ કામે ભોગ બનનાર સગીર વયની બાળા સાથે આરોપીએ જાતિય સતામણી કરી હોવાની હકીકત પુરવાર થઇ છે. તે સંજોગોમાં તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવેલ બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૬ અન્વયે ભોગ બનનારના પુન:નિર્વાસન અર્થે તેણીને વળતર પ્રાપ્ત થાય તે જરૂરી જણાય છે અને તે હેતુ સારૂ હાલના કેસને મહેરબાન ચેરમેનશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણ તરફ રીફર કરવો જરૂરી જણાય છે. જે અંગે આખરી હુકમમાં જણાવવામાં આવશે.

(૨૧) સબબ ઉપરોકત ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખતા તેમજ બંને પક્ષોની રજુઆતો ધ્યાને રાખતા એ હકીકત પુરાવાથી સાબિત થયેલ છે કે, આ કામના આરોપીએ જાતિય ઈરાદાથી ભોગ બનનાર સગીર વયની બાળાનો અવાર નવાર પીછો કરી સંપર્ક કરી તેણીને બે આંગળી વડે બિભત્સ ઈશારા કરી જાતિય સતામણી કરી હોવાની હકીકત પુરવાર થઈ છે અને તે અંગે ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીના માતા અને મોટી બહેન આરોપીને કહેવા જતા આરોપીએ તેઓને નાલાયક બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની હકીકત પુરવાર થઇ છે. તે સંજોગોમાં હાલના આરોપી કોઈપણ રીતે દયાને પાત્ર નથી. બનાવમાં ભોગ બનનાર સગીર વયની બાળાના માનસ ઉપર આ બનાવથી ગંભીર વિપરીત અસર થઈ હોઈ શકે અને તેના પરિવારની સમાજમાં બદનામી હોઈ શકે. આમ, જયારે આરોપી ઉપર તહોમત સાબિત થયેલ હોઈ, આરોપી તરફે રજુ કરવામાં આવેલ સંજોગો અને કારણો તેમની પ્રત્યે રહેમ દ્રષ્ટિ રાખવા માટે

મદદરૂપ બની શકે નહીં. બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૧ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ–૪, ૫ વંચાણે લેતા તેમજ ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ તથા કેસના પરિણામની સમાજ ઉપર થનાર અસર વિગેરે પરિબળો ધ્યાને લેતા, આરોપી પ્રોબેશનનો લાભ મેળવવા હકકદાર નથી. તે સંજોગોમાં આરોપીને કાયદામાં ફરમાવ્યા મુજબની સજા કરવાની રહે છે.

**(૨૨)** સબબ ઉપરોકત ચર્ચાને અંતે મુદ્દા નંબર–(૪) પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પીનલ કોડની કલમ–૨૯૪(ખ) ના ગુના સબબે કસુરવાર ઠરાવી ૩ (ત્રણ) માસની સખત કેદની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૧૫ (પંદર) દિવસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પીનલ કોડની કલમ–૫૦૬(૨) ના ગુના સબબે કસુરવાર ઠરાવી ૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૦૩ (ત્રણ) માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પોકસો એકટની કલમ–૧૧(૧), ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૨ ના ગુના સબબે કસુરવાર ઠરાવી ૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૦૩ (ત્રણ) માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પીનલ કોડની કલમ–૩૫૪(એ)(૧)(૧) ના ગુના સબબે કસુરવાર ઠરાવવામાં આવે છે. પરંતુ, પોકસો એકટની કલમ–૪૨ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર આ ગુના સબબે કોઇ અલાયદી સજા ફરમાવવામાં આવતી નથી.

(૫) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પીનલ કોડની કલમ–૩૫૪(ડી)(૧)(૧) ના ગુના સબબે કસુરવાર ઠરાવવામાં આવે છે. પરંતુ, પોકસો એકટની કલમ–૪૨ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર આ ગુના સબબે કોઇ અલાયદી સજા ફરમાવવામાં આવતી નથી.

(૬) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપી જીગરકુમાર જીતેન્દ્રભાઇ હરીભાઇ સોલંકી, ઉં.વ.૨૫, ધંધો : મજુરી, રહેવાસી : ચાણસ્મા, ઈન્દીરાનગર સોસાયટી, વણકર વાસ, તા.ચાણસ્મા, જી.પાટણને પીનલ કોડની કલમ–૩૫૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીને આ જજમેન્ટથી ફરમાવેલી તમામ સજાઓનો અમલ એકસાથે શરૂ થયેલો ગણવાનો રહેશે.

(૮) આરોપી ન્યાયિક હિરાસતમાં હોઇ, બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ અન્વયે તેઓએ આ ગુનાની તપાસ અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ન્યાયિક હિરાસતમાં ગાળેલ સમય સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ ની જોગવાઇ અનુસાર આ જજમેન્ટની એક નકલ આરોપીને વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

(૧૦) હાલના કેસમાં ભોગ બનનારને પુન:નિર્વાસન માટે બી.એન. એસ.એસ.ની કલમ–૩૯૬ અન્વયે વળતર તરીકે રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને તે અર્થે હાલનો કેસ મહેરબાન ચેરમેનશ્રી, જીલ્લા કાનુની સવા સત્તા મંડળ, પાટણ તરફ રીફર કરવાનો હુકમ કરવામાં આવે છે. જે માટે આ ચુકાદાની એક નકલ વિનંતીપત્ર સાથે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણ તરફ રવાના કરવી. જો ભોગ બનનારને આ કેસમાં વચગાળાના વળતર તરીકે કોઇ રકમ ચુકવવામાં આવી હોય તો તે મજરે આપી બાકીની રકમ વળતર તરીકે ચુકવી આપવી.

**(૧૧)** હુકમ અનુસાર સજાચિઠ્ઠી દોરવી તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૦૭ માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આ જજમેન્ટની એક નકલ સજાચિઠ્ઠી સાથે સામેલ રાખવી.

**(૧૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ અન્વયે તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના તા.૨૨/૧૦/૧૯૮૦ ના પરિપત્ર નંબર–૯૦૧ સને ૧૯૮૦ પ્રમાણે આ ચુકાદાના તારણ અને આખરી હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણને મોકલી આપવી.

**(૧૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૨/૦૯/૨૦૦૫ ના પરિપત્ર નંબર–૨૬૨૩ સને ૨૦૦૫ મુજબ આ કામે થયેલ તહોમતનામા તથા આખરી હુકમની ખરી નકલ આરોપીને, જેલ ઓથોરીટીને, પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને પરિપત્રમાં જણાવેલ સૂચનાના અમલ સારૂ મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ **૦૪ થી**, માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૬/૨૦૨૬
પાટણ.

**(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)**
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.
(જજ કોડ નં. જીજે ૦૦૫૯૭)

KBS.